**Publication: Suryakal** | **Date: Wednesday, 4th June, 2014**
**Edition: Ahmedabad**

# ઈન્ડિયા ફર્સ્ટ લાઈફે ગુજરાત માટે આક્રમક વિસ્તરણ યોજના ઘડી

અમદાવાદ, બુધવાર

ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્સ્યોરન્સે ગુજરાતનાં બજાર માટે આક્રમક વિસ્તરણ યોજના ઘડી છે. કંપની વર્ષ ૨૦૧૪-૧૫માં ૨૦ ટકા વૃદ્ધિની યોજનાઓ ધરાવે છે.

ઈન્ડિયા ફર્સ્ટ લાઈફનાં ડાયરેક્ટર સેલ્સ કમલાકર સાંઈએ જણાવ્યું હતું કે, અમારી કંપનીની સ્થાપનાની શરૂઆતથી જ ગુજરાત અમારા માટે મહત્વનું બજાર રહ્યું છે. રાજ્યનું મિશ્ર અર્થતંત્ર અને સાતત્યપૂર્ણ વૃદ્ધિ દર અમારા માટે ઉત્તજેનાત્મક શક્યતાઓ પુરી પાડી છે. કંપનીએ અત્યાર સુધીમાં ગુજરાતમાં ૧.૬૨ લાખ માનવજીવનને આવરી લીધા છે અને રૂા.૧૪૮૧ કરોડનો વ્યાપર કર્યો છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, અમારી દ્રઢ હાજરી અને સહકારે અમારા માટે મહત્વપૂર્ણ કાર્ય કર્યું છે. આજે અમે રાજ્યમાં બેન્ક ઓફ બરોડા અને આંધ્ર બેન્કની કુલ ૯૪૨ શાખાઓનાં માધ્યમ દ્વારા મજબૂત હાદરી ધરાવીએ છીએ. ગુજરાત રાજ્ય આજે દેશમાં સૌથી વધુ બચતો અને રોકાણો ધરાવતા રાજ્યો પૈકીનું એક છે. વર્ષ ૨૦૧૧ સુધીમાં રૂા.૩૯.૬ લાખ કરોડનાં રોકાણોનું વચન આપ્યું હતું.